નં. ટીપીડી/આ/ ૩૭૭
તા. ૧૬/૪ /૨૦૧૨

પ્રતિ,
ખાસ ફરજ પરના અધિકારીશ્રી
શહેરી વિકાસ અને શહેરી ગૃહ નિર્માણ વિભાગ,
બ્લોક નં.:૧૪, ૯ મો માળ,
સચિવાલય, ગાંધીનગર.

વિષય :– નગર રચના યોજના, સુરત નં.: ૭૫(વેસુ–મગદલ્લા–ગવિયર–આભવા) નો મુસદ્દો પ્રસિધ્ધ કરવા બાબત.

સંદર્ભ :– (૧) નગર આયોજન અને મુલ્યાંકન ખાતાનો પત્ર નં.: સુરત / સુચિત / નરયો નં.: ૭૫(વેસુ–મગદલ્લા–ગવિયર–આભવા)/પરામર્શ/દ.ગુ./૬૧૭,તા.૫/૦૨/૨૦૧૦
(૨) અત્રેની કચેરીનો પત્ર નં. ટીપીડી / આ / ૨૯૫૬, તા.૨૦/૦૮/૨૦૧૧.
(૩) આપશ્રીની કચેરીનો હુકમ ક્રમાંક : નરય–૧૪૧૧–૪૬૨૨–લ, તા.૨૧/૦૯/૨૦૧૧.

મહાશય,

ઉપરોકત વિષય પરત્વે સવિનય જણાવવાનું કે, સુરત શહેરના અઠવા ઝોનમાં વેસુ–મગદલ્લા–ગવિયર–આભવા વિસ્તારમાં નગર રચના યોજના, સુરત નં.: ૭૫(વેસુ–મગદલ્લા–ગવિયર–આભવા) તૈયાર કરવા બાબતે નગર આયોજન અને મુલ્યાંકન ખાતાના અસંદર્ભ (૧) હેઠળના પત્રથી પરામર્શ આપવામાં આવેલ તથા ઉકત નગર રચના યોજનાનો ઈરાદો તા.૨૮/૦૩/૨૦૧૧ ના રોજ જાહેર કરવામાં આવેલ છે. ઈરાદો જાહેર કર્યાના ૯ (નવ) માસમાં એટલે કે તા.૨૮/૧૨/૨૦૧૧ પહેલા ગુજરાત નગર રચના અને શહેરી વિકાસ અધિનિયમ, ૧૯૭૬ તથા એમેન્ડમેન્ટ અધિનિયમ, ૧૯૯૯ ના કાયદાની કલમ–૪૨(૧) ની જોગવાઈઓને આધિન ઉકત નગર રચના યોજનાનો મુસદ્દો પ્રસિધ્ધ કરવાનો થતો હતો, પરંતુ સદર સમયગાળા દરમ્યાન રેકર્ડ એકત્રિત કરવામાં વિલંબ થયેલ હોવાથી સદરહુ નગર રચના યોજના સુરત નં.: ૭૫(વેસુ–મગદલ્લા–ગવિયર–આભવા) નો મુસદ્દો તૈયાર કરવાની મુદત તા.૨૮/૧૨/૨૦૧૧ થી વધુ ૩ (ત્રણ) માસ એટલે કે તા.૨૮/૦૩/૨૦૧૨ સુધી વધારી આપવા અંગે સંદર્ભ (૨) હેઠળના અત્રેના પત્રથી વિદિત થઈ આપના સંદર્ભ (૩) હેઠળના કચેરી હુકમથી તા.૨૮/૦૩/૨૦૧૨ સુધીમાં સદર નગર રચના યોજનાનો મુસદ્દો પ્રસિધ્ધ કરવા હુકમ કરેલ હતો. સુરત મહાનગરપાલિકાની નગર નિયોજન સમિતિની તા.૨૧/૦૩/૨૦૧૨ ના રોજ મળેલ સભાના ઠરાવ નં.: ૧૧/૨૦૧૨ અન્વયે નગર રચના યોજના, સુરત નં.: ૭૫(વેસુ–મગદલ્લા–ગવિયર–આભવા) નો મુસદ્દો પ્રસિધ્ધ કરેલ છે તથા સરકારી રાજયપત્રમાં તા.૨૭/૦૩/૨૦૧૨ ના રોજ તેમજ સ્થાનિક દૈનિક વર્તમાનપત્રો (૧) ગુજરાત સમાચાર તથા (૨) ગુજરાત મિત્ર માં તા.૨૮/૦૩/૨૦૧૨ ના રોજ અધિસુચન પ્રસિધ્ધ કરવામાં આવેલ છે. જેની નકલ અવલોકન અર્થે આ સાથે સામેલ કરેલ છે. જે વિદિત થવા વિનંતી છે.

બિડાણ :– ઉપર મુજબ

(જે. એમ. પટેલ)
ડેપ્યુટી કમિશનર (પી. એન્ડ ડી.)
સુરત મહાનગરપાલિકા

નકલ સ. રવાના :– મુખ્ય નગર નિયોજકશ્રી, નગર આયોજન અને મુલ્યાંકન ખાતુ, ભોંયતળિયુ તથા બીજો માળ, બ્લોક નં.: ૧૪, જૂની સચિવાલય, ગાંધીનગર